ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉક્ટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* "માં" કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીકલેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ ચોથ શનિવાર ૭ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૧૩

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

રશિયન તેલ લેવા માટે ભારતને 30 દિવસની છૂટ: અમેરિકા

યુદ્ધને કારણે ઓઇલનો પુરવઠો બાધિત થતા ભારતને અપાયેલી હંગામી છૂટ

આનાથી રશિયન સરકારને કોઇ નોંધપાત્ર આર્થિક લાભ થશે નહીં તેમ જણાવતા અમેરિકી નાણા મંત્રી

ન્યૂયોર્ક, વૉશિંગ્ટન, તા. 6 (PTI): ઈરાન સાથે વધતા જતા સંઘર્ષની વચ્ચે, અમેરિકાએ જણાવ્યું છે કે તે ભારતીય રિફાઈનરોને રશિયન તેલ ખરીદવાની મંજૂરી આપવા માટે હંગામી 30-દિવસની છૂટનો સમય આપી રહ્યું છે. નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે ગુરુવારે જણાવ્યું હતું કે, પ્રમુખ ટ્રમ્પના એનર્જી એજન્ડાના પરિણામે તેલ અને ગેસનું ઉત્પાદન અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યું છે. વૈશ્વિક બજારમાં તેલનો પ્રવાહ ચાલુ રાખવા માટે, ટ્રેઝરી વિભાગ ભારતીય રિફાઈનરોને રશિયન તેલ ખરીદવાની મંજૂરી આપવા માટે કામચલાઉ 30-દિવસની છૂટ આપી રહ્યું છે. તેમણે કહ્યું કે આ જાણી જોઈને લેવાયેલ ટૂંકા ગાળાનું પગલું રશિયન સરકારને કોઈ નોંધપાત્ર આર્થિક લાભ પૂરો પાડશે નહીં, કારણ કે તે માત્ર એવા જ વ્યવહારોને અધિકૃત કરે છે જેમાં તેલ પહેલેથી જ દરિયામાં ફસાયેલું હોય. બેસેન્ટે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ભારત અમેરિકાનું એક આવશ્યક ભાગીદાર છે, અને અમે સંપૂર્ણ અપેક્ષા રાખીએ છીએ કે નવી દિલ્હી અમેરિકી તેલની ખરીદીમાં વધારો કરશે. આ કામચલાઉ વ્યવસ્થા વૈશ્વિક ઉર્જાને બાનમાં લેવાના ઈરાનના પ્રયાસને કારણે ઊભા થયેલા દબાણને હળવું કરશે. અગાઉ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયન તેલ ખરીદવા બદલ ભારત પર 25 ટકા દંડનાત્મક ટેરિફ લાદ્યા હતા, જેમાં વહીવટીતંત્રે દાવો કર્યો હતો કે દિલ્હીની ખરીદી યુક્રેન સામે રશિયાના યુદ્ધને

...અનુસંધાન પાના 4 પર

રશિયન તેલ તો મળશે, પણ હવે ડિસ્કાઉન્ટનો જમાનો ગયો!

અગાઉ રશિયા ભારતને પ્રતિ બેરલ $13 સુધીનું મોટું ડિસ્કાઉન્ટ આપતું હતું. જોકે, નવા અહેવાલ મુજબ, હવે રશિયન યુરાલ ઓઈલ બ્રેન્ટ ક્રૂડની સરખામણીએ $4 થી $5 પ્રતિ બેરલના પ્રીમિયમ (વધારે કિંમત) પર વેચાઈ રહ્યું છે. પશ્ચિમ એશિયા (ખાસ કરીને ઈરાન)માં તણાવને કારણે સપ્લાય ખોરવાયો છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં તેલના

...અનુસંધાન પાના 4 પર

સમુદ્રમાં તરતું રશિયન તેલ ખરીદવા ભારતને મંજૂરી આપી છે: અમેરિકા

ન્યૂયોર્ક/વોશિંગ્ટન. અમેરિકાએ શુક્રવારે જણાવ્યું હતું કે તે દક્ષિણ એશિયાની આસપાસના જહાજો પર પહેલેથી જ રહેલા રશિયન તેલને લેવા, તેને રિફાઇન કરવા તેના ભારતીય મિત્રોને તે સ્ટોક ઝડપથી બજારમાં લાવવાની મંજૂરી આપી રહ્યું છે. અગાઉ, ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે જણાવ્યું હતું કે અમેરિકાએ ભારતીય રિફાઇનર્સને

...અનુસંધાન પાના 4 પર

તેહરાનમાં અત્યાર સુધીનો સૌથી મોટો વિસ્ફોટ: રિવોલ્યુશનરી ગાર્ડ્સનો બેઝ તબાહ

ઈરાન પર આજે મહાહુમલાની તૈયારી

ઐતિહાસિક આઝાદી ટાવર પાસે બોમ્બમારો; હવામાં 100 ફૂટ ઉંચા માનવ મૃતદેહો ફંગોળાયા હોવાના અહેવાલ

અમેરિકાના ઘાતક બોમ્બર વિમાનો બ્રિટન પહોંચ્યા, ઓપરેશન 'એપિક ફ્યુરી': શનિવાર બની શકે છે 'ક્યામતનો દિવસ'

વોશિંગ્ટન, તા. 6. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર શરૂ કરવામાં આવેલા 'ઓપરેશન એપિક ફ્યુરી'ને હવે એક અઠવાડિયું પૂર્ણ થઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ શનિવારે અમેરિકા ઈરાન પર અત્યાર સુધીનો સૌથી મોટો બોમ્બમારો કરી શકે છે. ટેક્સાસના એરફોર્સ બેઝ પરથી B-1 બોમ્બર વિમાનોનો કાફલો બ્રિટનના ગ્લોસ્ટરશાયર સ્થિત RAF Fairford એરબેઝ પર પહોંચી રહ્યો છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે શરૂઆતમાં ખચકાટ અનુભવ્યા બાદ હવે અમેરિકાને બ્રિટિશ એરબેઝનો ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે.

...અનુસંધાન પાના 4 પર

34 ટન બોમ્બ લઈ જવાની ક્ષમતા ધરાવતા B-1 વિમાનો તૈયાર; પ્રમુખ ટ્રમ્પની 'The Big One' ચેતવણી બાદ હલચલ

હવે સંપૂર્ણ શરણાગતિ સિવાય ઇરાન સાથે કોઇ સમજૂતિ નહીં: ટ્રમ્પ

વોશિંગ્ટન : અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષના સાતમા દિવસે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જાહેર કર્યું હતું કે ઈરાન સાથે બિનશરતી શરણાગતિ સિવાય કોઈ સમજૂતી થશે નહીં. ટ્રમ્પે ઉમેર્યું કે ઈરાનના આગામી નેતૃત્વને નક્કી કરવામાં વોશિંગ્ટનની ભૂમિકા હોવી જોઈએ અને દિવંગત સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈના પુત્રનો સ્વીકાર કરવામાં આવશે નહીં. ટ્રમ્પે લખ્યું, ઈરાન સાથે બિનશરતી શરણાગતિ સિવાય કોઈ સોદો થશે નહીં. ત્યારબાદ, અને એક મહાન તથા સ્વીકાર્ય નેતાની પસંદગી પછી, અમે અમારા બહાદુર સાથીઓ અને ભાગીદારો સાથે મળીને ઈરાનને વિનાશના આરેથી પાછું લાવવા માટે અથાક પ્રયત્નો કરીશું, તેને આર્થિક રીતે પહેલા કરતા વધુ મોટું, બહેતર અને મજબૂત બનાવીશું. ટ્રમ્પે

...અનુસંધાન પાના 4 પર

સમુદ્રમાં અટકી પડેલા રશિયન ઓઇલની ભારતે ખરીદી શરૂ કરી

ભારતીય રિફાઇનરીઓએ બે કરોડ જેટલા બેરલનો સોદો કરી નાખ્યો

હાલ બિન-પ્રતિબંધિત કંપનીઓનું જ ઓઇલ ખરીદાય છે, અમેરિકાએ પ્રતિબંધિત કંપનીઓ પાસેથી પણ ઓઇલ ખરીદવાની છૂટ આપી છે કે નહી તેની ચાલતી તપાસ

નવી દિલ્હી, તા. 6 (PTI): અમેરિકાએ દરિયામાં અટવાયેલા રશિયન ઓઈલના કાર્ગો ખરીદવા માટે આપેલી છૂટછાટ બાદ ભારતીય રિફાઈનર્સ એશિયાના સમુદ્રમાં તરતા લાખો બેરલ રશિયન તેલની ખરીદી શરૂ કરી છે. જો કે, સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મુક્તિ હેઠળ પ્રતિબંધિત કંપનીઓ પાસેથી તેલ ખરીદી શકાય કે નહીં તે અંગે રિફાઈનર્સ કાયદાકીય અભિપ્રાય માંગી રહ્યા છે.

વૈશ્વિક પુરવઠો જળવાઈ રહે અને તેલના ભાવમાં વધારો ન થાય તેવા પ્રયાસરૂપે અમેરિકાએ ભારતને હાલમાં દરિયામાં અટવાયેલું રશિયન તેલ ખરીદવા માટે 30 દિવસની છૂટ આપી છે. જાણકારોએ જણાવ્યું હતું કે ભારતીય રિફાઈનર્સે રશિયન તેલના આશરે 2 કરોડ બેરલનો સોદો કર્યો

...અનુસંધાન પાના 4 પર

રશિયન તેલની ખરીદી માટે ભારતને કોઈની મંજૂરીની જરૂર નથી: સરકાર

અમેરિકી છૂટછાટ વિદેશ નીતિ નક્કી ન કરી શકે: કેન્દ્રની સ્પષ્ટતા

કોંગ્રેસ શાસનમાં ભારતે અમેરિકાના પ્રતિબંધો હેઠળ ઈરાન પાસેથી તેલની ખરીદી ઘટાડી હતી

નવી દિલ્હી, તા. 6 (PTI): ભારતે રશિયન તેલ ખરીદવા માટે ક્યારેય કોઈ દેશની મંજૂરી પર નિર્ભરતા રાખી નથી. અમેરિકી પ્રતિબંધોમાં મળેલી તાજેતરની છૂટછાટ માત્ર વ્યવહારિક સરળતા લાવે છે, પરંતુ તે ભારતની વિદેશ નીતિ નક્કી કરતી નથી. સરકારના એક વરિષ્ઠ અધિકારીએ વિપક્ષના આરોપોને ફગાવતા આ સ્પષ્ટતા કરી છે. તેમણે જણાવ્યું કે રશિયા-યુક્રેન યુદ્ધ બાદ અમેરિકાના વિરોધ છતાં ભારત રશિયા પાસેથી તેલ ખરીદતું

...અનુસંધાન પાના 4 પર

ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો: બ્રેન્ટ ક્રૂડ $90ને પાર

બ્રેન્ટ ક્રૂડના ભાવમાં સપ્તાહમાં ૨૦ ટકાનો વધારો, વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટમાં ૨૫ ટકાનો ઉછાળો

ખનિજ તેલ, ગેસના ભાવ આગામી દિવસોમાં હજી વધુ ઉંચા જવાના એંધાણ

દુબઈ, ન્યૂયોર્ક, તા. 6: મધ્ય પૂર્વના તણાવને કારણે ઊર્જા પુરવઠો ખોરવાતા 6 માર્ચના રોજ ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો. હોર્મુઝની સામુદ્રધુની દ્વારા થતું શિપિંગ હજુ પણ બંધ છે, જેને પગલે ફેબ્રુઆરી 2022માં રશિયાના યુક્રેન પરના આક્રમણ પછી તેલના ભાવમાં અત્યાર સુધીનો સૌથી મજબૂત સાપ્તાહિક વધારો નોંધાયો છે. આ અઠવાડિયે તેલના બજારમાં તીવ્ર તેજી જોવા મળી છે. બ્રેન્ટ ક્રૂડમાં આશરે 20%નો વધારો થયો છે, જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) માં લગભગ 25% નો ઉછાળો આવ્યો છે. શુક્રવારે પણ ભાવમાં વધારો ચાલુ રહ્યો હતો, જેમાં બ્રેન્ટ ક્રૂડ 3% થી વધુ વધીને બેરલ દીઠ 89 ડોલરની આસપાસ ટ્રેડ થઈ રહ્યું હતું, જ્યારે WTI 5% થી વધુ વધીને લગભગ 86 ડોલર પર પહોંચ્યું હતું. બંને બેન્ચમાર્ક હવે એપ્રિલ 2024 પછીના તેમના સર્વોચ્ચ સ્તરે છે. કતારના ઉર્જા મંત્રીએ ચેતવણી આપી હતી કે જો આ સંઘર્ષ ચાલુ રહેશે તો સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે, જેનાથી બજારમાં ચિંતા વધી છે. ફાઈનાન્શિયલ ટાઈમ્સ સાથેની એક મુલાકાતમાં તેમણે જણાવ્યું હતું કે ગલ્ફ દેશોના ઉર્જા ઉત્પાદકો આગામી અઠવાડિયામાં નિકાસ બંધ કરી શકે છે. જો આવું થશે, તો તેલના ભાવ વધીને 150 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. ગયા અઠવાડિયે અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા બાદ તેલના ભાવમાં આ તીવ્ર ઉછાળો શરૂ થયો હતો. આ હુમલાઓને પગલે, ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા તેલના ટેન્કરોને રોકી દીધા હતા, જે એક એવો સાંકડો માર્ગ છે જ્યાંથી વિશ્વના દૈનિક તેલ પુરવઠાનો લગભગ પાંચમો ભાગ પસાર થાય છે. આ સંઘર્ષ

...અનુસંધાન પાના 4 પર

ક્રૂડના ભાવ બમણા થઇ શકે તેવી કતારની ચેતવણી

દોહા. કતારના ઉર્જા મંત્રીએ ચેતવણી આપી છે કે ક્રૂડ ઓઈલના એક બેરલની કિંમત બમણી થઈને 150 ડોલરથી વધુ થઈ શકે છે, જે વૈશ્વિક અર્થતંત્રોને નીચે તરફ ખેંચી જશે. મંત્રી સાદ અલ-કાબી કહે છે કે મધ્ય પૂર્વના સંઘર્ષના પરિણામે નવું ઉર્જા સંકટ ઊભું થઈ શકે છે. હાલમાં, ખનિજ તેલ લગભગ 89 ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું છે, જેમાં આજે સવારે 6 ટકાનો વધારો થયો છે. આ વધારો એવા સમયે થયો છે જ્યારે વર્ષના મોટાભાગના સમય દરમિયાન તેલના ભાવ 60-65 ડોલર પ્રતિ બેરલની આસપાસ રહ્યા હતા. કાબીએ ફાઇનાન્શિયલ ટાઇમ્સને જણાવ્યું હતું કે આવો ભાવ વધારો વિશ્વના અર્થતંત્રોને નીચે લઇ જશે. તેમણે વધુમાં ઉમેર્યું કે જો આ યુદ્ધ થોડા અઠવાડિયા સુધી ચાલશે, તો વિશ્વભરના જીડીપી (GDP) વૃદ્ધિ દર પર અસર પડશે. દરેક વ્યક્તિ માટે ઉર્જાના ભાવ વધશે. કેટલીક પ્રોડક્ટ્સની અછત સર્જાશે અને ફેક્ટરીઓ સપ્લાય નહીં કરી શકવાને કારણે તેનું એક ચેઇન રિએક્શન જોવા મળશે. ગઈકાલની સેટેલાઇટ ઈમેજરી યુએઈના ફુજૈરાહ ઓઈલ ઈન્ડસ્ટ્રી ઝોનમાં મોટી આગ બતાવે છે. તેમણે ચેતવણી આપી છે કે અખાતી દેશોના ઉર્જા નિકાસકારો ઉત્પાદન બંધ કરી શકે છે, જે બદલામાં તેલના ભાવમાં મોટો ઉછાળો લાવશે. તેમણે FT ને જણાવ્યું કે જો યુદ્ધ જલ્દી સમાપ્ત થઈ જાય તો પણ ઉત્પાદન ચક્રને સામાન્ય થવામાં અઠવાડિયા કે મહિનાઓ લાગી શકે છે.

ભારતે ઈરાનના એક જહાજને આપ્યો આશરો

નવી દિલ્હી, તા. 6 (PTI): અમેરિકા દ્વારા ઈરાની યુદ્ધ જહાજ 'આઈઆરઆઈએસ ડેના' પર ટોર્પિડો છોડી તેને ડુબાડવામાં આવ્યું તેના થોડા દિવસો પહેલા જ, ભારતે માનવતાના ધોરણે ઈરાનના અન્ય એક નૌકાદળ જહાજ 'આઈઆરઆઈએસ લવાન'ને ટેકનિકલ ખામીને કારણે કોચીમાં ઈમરજન્સી ડોકિંગ (લંગર નાખવા) ની મંજૂરી આપી હતી. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૮૩ ક્રૂ મેમ્બર્સ સાથેનું આ જહાજ ૪ માર્ચથી કોચીમાં ભારતીય નૌકાદળની સુવિધા હેઠળ છે. ઈરાને 28 ફેબ્રુઆરીએ આ જહાજમાં ગંભીર ટેકનિકલ સમસ્યા સર્જાઈ હોવાની જાણ કરી તાત્કાલિક મદદ માંગી હતી, જેને ભારતે ૧ માર્ચે મંજૂરી આપી હતી. નોંધનીય છે કે, જે 'આઈઆરઆઈએસ ડેના' જહાજને અમેરિકાએ શ્રીલંકાના

...અનુસંધાન પાના 4 પર

રશિયાનો મોટો નિર્ણય: ભારતને મોકલાતા તેલના આંકડા હવે રહેશે 'ટોપ સિક્રેટ'

'ઈર્ષ્યા કરનારા અને વિરોધીઓ'થી બચવા મોસ્કો ડેટા જાહેર નહીં કરે; અરબ સાગરમાં તેલ ટેન્કરોની કતાર

મોસ્કો, તા. 6 (PTI): રશિયા ભારતને કરવામાં આવતી ક્રૂડ ઓઈલની નિકાસના ચોક્કસ આંકડા જાહેર નહીં કરે અને તેને સંપૂર્ણપણે ગુપ્ત રાખશે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે શુક્રવારે જણાવ્યું હતું કે, 'ઘણા બધા ઈર્ષ્યા કરનારાઓ અને વિરોધીઓ'થી બચવા માટે આ માહિતી ખાનગી રાખવી જરૂરી છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પશ્ચિમ એશિયાના સંઘર્ષને ધ્યાનમાં રાખીને અમેરિકાએ ભારતીય રિફાઈનરોને રશિયન તેલ ખરીદવા માટે 30 દિવસની કામચલાઉ છૂટ આપી છે. જ્યારે પેસ્કોવને ભારતીય મીડિયાના એવા અહેવાલો વિશે પૂછવામાં આવ્યું કે મોસ્કો એક અઠવાડિયામાં 22 મિલિયન બેરલ ક્રૂડ સપ્લાય કરવાની ક્ષમતા ધરાવે છે, ત્યારે તેમણે કોઈ પણ જથ્થાત્મક ડેટા આપવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. જોકે, રશિયાના સરકારી ટીવી પર તાજેતરમાં એક નકશો દર્શાવવામાં આવ્યો હતો, જેમાં અનેક તેલ ટેન્કરો અરબ સાગરથી બંગાળની ખાડી તરફ ભારતના પૂર્વી કિનારે આવેલી રિફાઈનરીઓ તરફ આગળ વધી રહ્યા હોવાનું દેખાતું હતું. રશિયાના નાયબ વડા પ્રધાન એલેક્ઝાન્ડર નોવાકે પણ સમર્થન આપ્યું છે કે રશિયા ભારત અને ચીનને તેલના

...અનુસંધાન પાના 4 પર

સરકારે એસ્મા લાગુ કર્યો: એલપીજી ઉત્પાદન વધારવા રિફાઈનરીઓને આદેશ

યુદ્ધ વચ્ચે દેશમાં રાંધણ ગેસનો પુરવઠો ખોરવાય નહીં તે માટે આવશ્યક સેવા જાળવણી ધારા હેઠળની સત્તાનો ઉપયોગ કરાયો

નવી દિલ્હી, 6: મધ્ય પૂર્વમાં વકરી રહેલા સંઘર્ષને કારણે સર્જાઈ શકનારા સંભવિત અવરોધો સામે ઘરેલું રસોઈ ગેસની ઉપલબ્ધતા વધારવા માટે સરકારે તેની ખાસ કટોકટીની સત્તાઓનો ઉપયોગ કર્યો છે. સરકારે ઓઈલ રિફાઈનરીઓને એલપીજી (LPG) ઉત્પાદન વધારવા માટે નિર્દેશ આપ્યા છે. ભારતે 2024-25માં 31.3 મિલિયન ટન એલપીજીનો વપરાશ કર્યો હતો, જેમાંથી માત્ર 12.8 મિલિયન ટનનું ઉત્પાદન દેશમાં થયું હતું, જ્યારે બાકીનો જથ્થો આયાત કરવામાં આવ્યો હતો. આયાત પરનું જોખમ વધી ગયું છે કારણ કે 85-90 ટકા

...અનુસંધાન પાના 4 પર

તા. ૦૬-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૬.૨° સે.	૨૧.૮° સે.	૩૯%

આંધ્ર અને કર્ણાટક બન્યા દેશના પ્રથમ રાજ્યો

બાળકો માટે સોશિયલ મીડિયા 'બેન'

વય મર્યાદામાં તફાવત: આંધ્રમાં ૧૩ વર્ષ, જ્યારે કર્ણાટકમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો પર પ્રતિબંધ

અમરાવતી,બેંગલુરુ, તા. 6 (PTI): આંધ્રપ્રદેશ અને કર્ણાટક શુક્રવારે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકનારા પ્રથમ બે ભારતીય રાજ્યો બન્યા છે, જો કે બંનેમાં વય મર્યાદા અલગ-અલગ છે. બાળકોમાં સોશિયલ મીડિયાના વ્યસનને રોકવા અને તેમને સુરક્ષિત રાખવાની વૈશ્વિક ચર્ચા વચ્ચે ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયાએ પણ આવા જ પ્રતિબંધો લાગુ કર્યા છે. જેના પછી બે ભારતીય રાજ્યોએ પણ આ પ્રતિબંધ મૂક્યા છે. આંધ્રપ્રદેશની TDP સંચાલિત NDA સરકારે જણાવ્યું કે 13 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ રહેશે, જ્યારે પડોશી રાજ્ય કર્ણાટકની કોંગ્રેસ સરકારે આ પ્રતિબંધ 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે લાગુ કર્યો છે. આંધ્રપ્રદેશ વિધાનસભાને સંબોધતા મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ કહ્યું કે તેઓ 13 થી 16 વર્ષની વયના બાળકો માટે પણ આ પ્રતિબંધ લંબાવવો કે કેમ તે અંગે ચર્ચા કરી રહ્યા છે. નાયડુએ જણાવ્યું હતું કે,

...અનુસંધાન પાના 4 પર

ભારતને અમેરિકાની છૂટથી રાજકીય વિવાદ

ભારતે ઓઇલ આયાત કરવા માટે પણ કોઇની છૂટ પર નિર્ભર રહેવું પડે?, આ સરકારની રાજદ્વારી નિષ્ફળતા: વિપક્ષના પ્રહારો

ભાજપ કહે છે કે મોદીની ઓઇલ ડિપ્લોમસી સફળ રહી છે

નવી દિલ્હી, 6 (PTI): અમેરિકાએ રશિયન તેલ ખરીદવા માટે ભારતીય રિફાઈનરીઓને કામચલાઉ છૂટ આપવાની જાહેરાત કર્યા બાદ, શુક્રવારે વિરોધ પક્ષોએ સરકાર પર રાજદ્વારી ક્ષેત્રે પછડાટ ખાવાનો આરોપ લગાવ્યો હતો. બીજી તરફ, સત્તારૂઢ ભાજપે આ પગલાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની વ્યૂહાત્મક તેલ મુત્સદ્દીગીરીની સફળતા ગણાવી વધાવ્યું હતું. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે ભારતની વિદેશ નીતિ એક બાંધછોડનો ભોગ બનેલ વ્યક્તિના શોષણનું પરિણામ છે. જે વડાપ્રધાન મોદી પર સીધો હુમલો

...અનુસંધાન પાના 4 પર